# -:જ્ઞાનચંદ્ર:- Chap-6

સોરઠ ગચ્છ ક્ષમાચંદ્રસૂરિ પરંપરામાં વીરચંદ્રસૂરિ શિષ્ય જ્ઞાનચંદ્રે સં.૧૫૯૯ માગસર સુદ ૧૦, ગુરુવારના રોજ 'સિં.બ.' ની રચના કરીછે. સં.૧૫૬૫માં મંગલપુરમાં (માંગરોળમાં) ત્રણ ખંડમાં, ૭૧૮ કડીઓનો 'વંક ચૂલનો પવાડઉ રાસ' રચ્યોછે, સં.૧૫૯૩-માં સોરઠના રત્નાગરપુરમાં (માંગરોળમાં) 'વેતાલ પંચવીસી' રચીછે. એ ઉપરાંત ૧૮ કડીના એમના રચેલા 'બાર માસ' પણ મળેછે.*

સં. ૧૫૯૯માં રચાયેલી જ્ઞાનચંદ્રની 'સિં.બ.' આ વિષેની જૂની ગુજરાતી વાર્તાઓમાંની એક મહત્વની કૃતિ છે. બીકાનેરના અભયસિંહ જૈન જ્ઞાનભંડારમાંથી કુલ ૪૦ પત્રની પોથી મળી આવીછે. એની નકલ કર્યા સંવત ૧૬૭૯ છે. પોથીના અક્ષર સ્પષ્ટ અને સુંદર છે પણ એનાં પાનાં બરડ ને કેટલેક સ્થળે ખવાઈ ગયેલાં છે.

પ્રાસાદિક વાર્તાકથનશૈલીને કારણે વાર્તાનો પ્રવાહ પાણીના રેલાની માફક સડસડાટ વહી જાય છે, અને સ્થળે સ્થળે સુંદર વર્ણનો, અલંકારો, ચમત્કૃતિયુક્ત વિચારો, સામાન્ય વિધાનો, અવતરણો, સંક્ષેપમાં કરેલી છતાં નાનામાં નાની આવશ્યક વિગતો- વચ્ચે વચ્ચે [illegible] ભાષાના પ્રાસ, બંધુ સગાઈ અને છંદોવૈવિધ્યને કારણે આ કૃતિ નોંધપાત્ર છે. પ્રસંગે પ્રસંગે કવિ વાર્તાઓની નાની વિગતોમાં થોડો થોડો ફેરફાર કરેછે, અને તેથી તેની વાર્તાઓ સુગ્રથિત કલાકૃતિઓ બને છે એ સિવાય મોટા ફેરફારો વાર્તાઓના તુલનાત્મક અભ્યાસમાં નોંધ્યાછે એટલાજ છે.

વર્ણનોની દૃષ્ટિએ કવિ સ્થળે સ્થળે પોતાની શક્તિનો સરસ પરિચય આપેછે. પહેલીજ વાર્તામાં ઇંદ્રસભાનું વર્ણન અને શાપને કારણે ખર બનેલા વિદ્યાધરે રાજાની પુત્રીને પરણવા માટેની આવશ્યક શરત તરીકે નગર ફરતો બનાવેલો તાંબાનો કોટ કવિએ સુંદર રીતે વર્ણવ્યાછે. જેમકે:—

રચાણુ માંહિ પ્રાકાર ઉત્તંગ, નીપાયો વિલેંપતિ કરી રંગ ॥૩૦॥
ત્રિવાધિ ત્રિકલસાં સોવન તણાં રંગમંડપ નીપાયા ઘણા।
નાચરિ સવિ સૂકડિ કરહડી નારી નિરખે નરપતિ ખડી ॥૩૧॥
ગોખઈં ગોખ સોલે પૂતલી, રતન જડીત ઉપરે ઉજલી ।
સામ્હ સામ્હા ગોખ વિશાલ, જોઈ બેઠી નિરોપમ બાલ ॥૩૨॥
રચાણુ માંહિ લવ તતખણુ કરી, નીપાયુ તેણઈં ધોંસર ધરી ॥૩૩॥

આગળ ચાલતાં કવિ, ગણિકાને ભર્તૃહરિનો પાઠવ અમરફળ આપેછે ત્યારે ગણિકા તે ખાવું કે કેમ તેનો વિચાર કરેછે તે પણ સુંદર અને પ્રાસાદિક મંથનયુક્ત ભાષામાં કવિ વર્ણવે છે.

---

* શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઈકૃત 'જૈન ગુર્જર કવિઓ' ભાગ ૩, ખંડ ૧ લો (પૃ.૫૪૩)

ગણિકા વિચારે છેઃ—

ઈમ કરી વાહલ વલ્યો રરકંતિ, તો સાંગોલ ચાંતિ નિચ ચાંતિ ॥૧૩॥
અમ્હ કુલનો વિરુઉ આચાર, ધિગ્ધિગ મૂં માનવ અવતાર।
કીજે નસિદાંનિ કુડો કર્મ, કરવો જિંતા અધિક અધર્મ ॥૧૪॥
તો ફલ ખાધે સું મુજ લાહ, જઈ આપું ઉજેણી નાહ।
ઉદર કોરિનાં જે નીતિ ભરે, તે પ્રાસે તો કાજ અતિ સરઈ ॥૧૫॥

ગણિકા ભર્તૃહરિને આ ફળ આપવા જાયછે તેનું કવિએ કરેલું વર્ણન પણ વાસ્તવિક અને તાદૃશ છે.

લીઈ શ્રીમંડલ વાજાં જંત્ર — ॥૧૯॥
ઈક માદલ ઓરા કડિ કસે, તાલધરા તાલ લેઈ હસે।
ઈક લીઈ મહુઅરિ વીણાવંસ, એક લીઈ ઢક્ક ધાગ્રઘુંસ ॥૨૦॥
કીધ વેસ વારૂ સણગાર, ભૂષણ ભજે બિવિધ પરકાર।
લેઈ ફલ ઘાલ્યું શ્રીવન થાલિ, ઉછાંડું પરકોલ વિસાલ ॥૨૧॥
કીધૂં સાંભલિ મસ્તકિ થાલ, બાજ્યાં તૂર તબલ નઈ તાલ।
નવનવ નાદિ આલાપ્ય કરે, ચોરાં પાડ પાત્ર તિહાં ધરે ॥૨૨॥
ઠામિ ઠામિ તેતાં થાકણાં, જોવા મલીયાં માણસ ઘણાં।
અતિ આડંબર ઉછવ ઘણો, ઈણિપરિ આવ્યાં રા આગણે ॥૨૩॥

આગળ ચાલતાં છઠ્ઠી વાર્તામાં પણ કવિએ સુંદર વર્ણનો આપ્યાંછે. વિક્રમ ઉપવનમાં જવા તૈયાર થાયછે તેનું વર્ણન વાસ્તવિક લાગે તેવુંછે.

દા.ત.:— આવ્યો સ્વામી રાય વસંત, મગોપતિ મનમથ હરખિ હસંત।
કીધ સજાઈ ક્રીડા તણી, આવી રમિ ઉજેણી ધણી ॥૮૭॥
ચઢીઉ અંચલિ વિક્રમ રાંણ, તો ગાજ્યાં ગુહરાં નીસાણ।
હય હીંસઈ ધરણી ધડહડે, કે બીનાં તિહાં પ્રાંણ જ પડે ॥૮૮॥
લીધા ગંધ્રવ (સરસ) રસાલ, લીધા માદલ તેતી તાલ।
લીધી સાથઈ અંતેઉરી, રૂપઈ રંભા તિલોત્તમા ધરી ॥૮૯॥
લીધા ચંદન ચૂઆ ઘણા, કૂપા લીધા ગલાબહ તણા।
લીધા ધૂપ અગર અપાર, કુંકમ કેસર વિધિન સાર ॥૯૦॥
વિક્રમ ઈમ સજાઈ કરી, આવ્યો ઉપવનિ ધીસર ધરા।
ખડો વલી નિર્મલ જલભરી, હવે શૃંગાર કરિ સુંદરી ॥૯૧॥

એવુંજ સ્ત્રીઓના સણગારનું અને વિલાસનું વર્ણન ત્યાં કર્યુંછે.

જેમકે:— કે ચર્ણે ચમરી વોસરે, કેસરિ ઘૂંઘ કેતકી ભરે।
કે ઝબકે મણિધર રાખડી, કે સારે કાજલ આંખડી ॥૯૨॥
કે કુંડલ શ્રવણે સજ કરે, કે સારિ માગ મોતીઈં ભરે।
તિલક ભામની ભાલિ ધરે, મોતી મેહલિ નાકઈં નરનાર ॥૯૩॥

કે ઉરિ પેહિરે નવસર હાર, કેઈ નગોદર નિરુપઈ સાર।
કે બાંધિ બાંહિ બેરખા, કે હીરા ઝલકે નવલખા ॥૯૪॥
કે ચોલી કએ ચોરિ કસે, કે અહિ વલગી લે ઉલ્લસે।
સોવન ચૂડી કંકણ પાણિ, પહિરે ચીર કટીયકે તાણી ॥૯૫॥
કે પગ ઝંઝરના ઝંકાર, કટિ મેખલના કે ખલકાર।
કે ઉઢણિ ચોખી ચૂંનડી, કે કસુંભા સરિ ઘાટડી ॥૯૬॥
કાંમનિ ઈમ કીધા સણગાર, ઘૂપટ ઘૂપ્યાં અંગ અપાર।
તેવ તેવડી ટોલિ મલી, આવી ખેલિણી ખડોખલી ॥૯૭॥
ઝીલે રાજા કરે રકોલ, માંડો હીરઘકા રંગરોલ।
કે છંટે છેલ્લ છલ કરી, સોવન સીંગી કે જલ્ય ભરી ॥૯૮॥
કુસમ તણી દડકિ હણે, પવન કરે વાલે વીંઝણે।
કે અબીરઈ રા આનન ભરે, ચરચે કે કુંકમિ કેસરઈ ॥૯૯॥
કે છમકલે છેતરા લીઈ, કે કાંમનિ ઉબાલા દીઈ
કે ભમહિ ઉલાલે ભાવિ, કે પીછે હડેવિ લગે આવિ ॥૪૦૦॥
ભીની ચોલી ભીના ચીર, તણિ તે ઉપે નારિ સરીર
કમલબાંણ મૂંકે કે બાલ, કે વાંણી જંપઈ સરસાલ ॥૪૦૧॥
કે કામની કટાક્ષ કરઈ, કે કામિની ભ્રૂકુટિ ભંજ ધરે।
નયણ ઘૂલાવે કરિ ઘૂંઘટો, કે ઈ કરે આઘો શીંગટો ॥૪૦૨॥
મુહ મચકોડી દીઈ મરકલો, લાગે તે અમૃત એકલો ।૪૦૩।

આમાં સ્ત્રીઓની સ્વાભાવિક લીલાનું સારું ચિત્ર પ્રગટ થાય છે. કવિ ત્યાર પછી થયેલા સંગીત અને નૃત્યનું વર્ણન એટલીજ તાદ્દશ અને પ્રવાહી ભાષામાં આપે છે. પણ વિસ્તારભયે આટલાં અવતરણોથીજ સંતોષ માન્યો છે.

કવિનાં બીજાં વર્ણનો નવમી, બારમી અને અઢારમી વાર્તાઓમાં પણ મળે છે. અહીં માત્ર અઢારમી, સૂર્યમંડળ સુધી જતા સિંહાસનની વાર્તામાંનું સરોવરનું અને સિંહાસનનું સુંદર વર્ણન નમૂના તરીકે આપ્યું છે.

તે પાસે એક નયર નિવાસ, જાણઈ અભિનવ કરિ કૈલાસ।
તે આગલિ છે સુરપ્રાસાદ, મંદર ગિરિસું લીઈ તે વાદ ॥૩૭॥
તિહાં સરોવર અતિહિં ગંભીર, ચંદ્ર કાંતિ બાંધ્યું બહૂ નીર।
મગર મછ દાદર ડર અરે, જલ કુકડા આદિ મહિ તરે ॥૩૮॥
કમલ કોટિ દલ વિકસે ઘણાં, ઝંકારવ મધુકર તણાં ।૩૯।

સિંહાસનનું વર્ણન પણ એવુંજ સરસ છે:—

તિહાં સિંહાસન સોવન તણું, તે ઉપરિ સોભે અતિ ઘણું ।૪૦।
દેવદૂષ્ય ઉછાડ વિસાલ, કલ્પવૃક્ષનાં કુસુમ ઝમાલ ।
ઘમઘમ ઘમકે ઘણ ઘૂઘરી, ફરકે પવન પતાકા ખરી ॥૪૧॥

બીજે કેટલેક સ્થળે પણ કવિ આવાં સારાં વર્ણનો આપે છે.

કવિએ વિક્રમના ઉપવન વિહારની વાર્તામાં સ્ત્રીઓના શણગાર અને સ્વાભાવિક લલિત વિલાસનું જે ચિત્ર આપ્યું છે તે પ્રેમાનંદના 'મામેરૂ' કાવ્યમાં આવતાં નરસિંહની ઠેકડી કરવા મળેલી નાગર સ્ત્રીઓનાં વર્ણન અને ચેષ્ટાની યાદ આપે તેવું છે. આ કવિના સમય સુધીમાં નરસિંહ અને ભાલણ આવાં તાદ્દશ વર્ણનો આપનારા કવિઓ તરીકે નોંધપાત્ર છે.

કવિનું છંદો ઉપરનું પ્રભુત્વ અને છંદવૈવિધ્ય પણ આગળની કૃતિઓને મુકાબલે ધ્યાન ખેંચે એવાં છે. દૂહા, ચુપઇ, ગાથા, છંદ ભુજંગી અને છંદસારસી જેવા છંદો કવિએ વાપર્યા છે. વસ્તુછંદનો ઉપયોગ ઠીકઠીક કર્યો છે, અને એક સ્થળે રાગ આસાઉરીમાં એક ગીત પણ આપ્યું છે. આ ગીત પહેલીજ વાર્તામાં – બલકે પ્રસ્તાવનામાં ભર્તૃહરિના રાજ્યના દરિદ્રી બ્રાહ્મણે કરેલા દેવી-સ્તવનનું છે. નમૂના તરીકે તે અહીંઆં નોંધ્યું છે.

વિદ્યાનંદ મઇ રૂપ સુણીઇ, અકલ તૂં અભેદ રે।
બંભ હરિહર પાર ન લહઇ, કહિ નેતિ ઇમ વેદ રે ॥૩૮॥
આદિ અનાદિ સામીણી, બાલા તૂં બહૂ નામ રે।
ત્રિહૂ ભુવનિ ત્રિપુર સુંદરી, હરસિધિ પૂરે કામરે ॥ ૩૯॥
----- આદિ.

(આચલી)

નહીં જાણુ દને દિન સૂર સસિહર, નહીં સાંઝા પ્રાત રે।
નહીં જલધર અસુર સુર નર, તહીં ઇં તૂં જગ માત રે ॥૪૦॥
---- ॥ આદિ.

અવગતિ ગતિ ન કોઇ બુઝે, તુંહ આપે આપ રે।
નહી જાણુ દનિ પવન પાવક, તહીં ઈ તાહરો વ્યાપરે -- આદિ. ॥૪૧॥
સ્વર્ગ મૃત્યુ પાતાલિ જલિ થલિ સબલ તૂં બ્રહ્માંડિ રે।
નવકોટિ કાત્યાયની તે તૂં, છપન કોટિ ચામંડિ રે ॥૪૨॥ આદિ.
વાગ ભવ બીજું પઢમ વારુ, પછઇ કામહ રાજ રે।
સાહસઇ જે જપ જંપે બાલા, સાર તેહનાં કાજરે ॥૪૩॥ આદિ.
ગડ[ ]અડે ગય[ ]ભર કરે કલિરવ, સાહણુ તુરણુ તોખાર રે।
તુઝ કૃપાથી બારે બાર્જે, દીઇ અરથ ભંડાર રે ॥૪૪॥ આદિ.

છત્ર ચામર ધરિ સરબરિ, નામે જે તુઝ સીસ રે।
કલ્લોલ વાણી વલી વ્યાકર્ણ, દીઇ તૂહી જગી[ ]સ રે ॥૪૫॥ આદિ.

પઉઢિ પામઇ સિધવેણા, ધરા ગુહ્ય ઠામિ રે।
પામિ દક્ષિણિ અર્થ તારણુ, સેવિ[ ]લહિ મન કામ રે ॥૪૬॥ આદિ.
ધ્યાન એણી ચાર ધરે નરજે, જપિ બાલ નામ રે।
ધ્યાન સ્વામિને સેવંતાં, પામઇ અવિચલ ઠામ રે ॥૪૭॥ આદિ.

આમાં દેવીની શકિતનું વર્ણન જેટલું અર્થદૃષ્ટિએ સમૃધ્ધ છે તેટલુંજ તેનર ભાષાવૈભવમાં આકર્ષક અને કલાત્મક છે. સૂર્યમંડળ સુધી પહોંચતા સિંહાસનની વાતમાં કવિ વિક્રમ પાસે સૂર્યની સ્તુતિ કરાવેછે તેનો છંદ અને ભાવવૈભવ પણ નોંધપાત્ર છે.

જેમકે:— <u>સ્તુતિગાથા</u>

કાસપિ કુલ સિંગારં, દિણીયર દિવનાહિ દેઇ દાતારં।
વંદિત વસધાં સારં, ભત્ત વછલ જયો ઉરણુસ્ય ॥૪૯॥
ભૂયણ ત્રિયલણિ નયણં સોહિ સારથિ રથિ જે અરણ।
વપુ ચામીકર વરણં તિહૂયણ જયકારં જગ દેવં ॥૫૦॥

છંદ ત્રભંગી

જય જય જગ રાણું પ્રસધિ પુરાણું સુરનર નાણું મેઠાણું ।
સેવિ સુવિણાણું જેવં ભાણું વેદ પુરાણું લહિ જાણું ॥ [redacted]
મન વૈત્ર પ્રમાણું, રથ કેકાણું, પાર ન આણું પંથાણું ।
કરે કલ્યાણું, સરેસ ભુજાણું દે નિરવાણું સુરાણું ॥ ૫૨॥

ગાથા
સોહે જે જગસયલં જહિ જગિ ઉગમિ વિયરે કમલં ।
છુરે બંધણ ધમલં તે સુભ કરે ભાણુ સવ્વસ્સ ॥ ૫૩॥

છંદ
તે સવિ જયકારં તિમર વિડારં જગવ્યાપારં વિથારં ।
વરસે જલધારં વડદાતારં અધિસધારં તવિ તારં ॥
ટાલે અંધકારં પર ઉપગારં પાપનિવારં સુવિકારં ।
સવિ સવિઆરં વરણ અઢારં આલિધો આધારં ભવ તારં ॥ ૫૪॥

ગાથા
તારણ તરણ સમ થાજે જતિ દીસે વંછીય અથો ।
ઉગમિ પઢય સમથો સો તિહૂયણ સૂર પરસંતો ॥ ૫૫॥

છંદ
પુહવિ પરસંગં ઝલકે અંગં મેરસરંગં અકિ સંગં ।
આકાસિ ઉતંગં, આતિસ અંગં શસિભુજંગં રતંગં ॥
રાનલ આરદંગં, તપઈ સતુંગં ભવિકરિ ભૃંગં પસગંગં ।
જગિ જાપહ જંગં, વદે વેદંગં તે મર અંગં સુચિ રંગં ॥ ૫૬॥

ગાથા
રંગહ મોતિક આણી જંપે ચોવેય અડદહ પુરાણો ।
રવિ તેજહ અવહરણો સોઈ ભત્ત સુરજય કરણો ॥ ૫૭॥

છંદ
સુખ કરે સવિસાલં, પાપ પખાલં, કસમ લટાલં ગુણ પાલં ।
કરિ ધરિ જપ માલં, દહિ જંજાલં, કુષ્ટહ કાલં, કિરણાલં ॥
સેવક સંભાલં, કરે મયાલં ઝાકઝમાલં કસમાલં ।
ઉઘડે સતાલં દેવદયાલં ચંચલ ચાલં મછરાલં ॥ ૫૮॥

કલશ
સહિસ કિરણ ઝલહલઈ, દલે દુખ સંર અંધારહ ।
સુર તેઓસહ કોડિ જોડિ કર કરિ જુહારહ ॥
છુટે ગાલા ગાય રાય રાણા ઉલગઈ ।
વદે વેદ વિપ્ર પુરાણ વાણિ વ્યાપારઈ લગઈ ॥
થાનકિ થાનકિ ગોલિ જઈ વસઈ ભાણુ ભાવહિ ધરણું ।
કવિ કહિ જ્યાન વિક્રમ વદઈ જનમિ જનમિ તુઝ ચયસરણું ॥ ૫૯॥

આમાં વાપરેલો છંદ ચારણી સાહિત્યમાં સારા પ્રમાણમાં વપરાયો છે. કવિની ભાષામાં ચારણી અસર પણ અહીં દેખાય છે. કલશ, શામળે વાપરેલા છપ્પાઓને મળતી છંદરચના છે. એનાં મૂળ આટલાં જૂનાં છે એ પણ નોંધપાત્ર છે. શામળે પોતાની વાર્તાઓમાં ગુજરાતી લોકવાર્તાની અનેક કૃતિઓની વિશેષતાઓનો કોઈને કોઈ પ્રકારે ઉપયોગ કર્યો છે તે જોતાં એ તર્ક અહીં સંભવિત છે. કાં તો શામળને આ છંદરચના માટેનું સૂચન આવી પુરોગામી કૃતિમાંથી મળ્યું હોય અથવા આનાથી પહેલાં ચારણી સાહિત્યમાં આવા છંદો હોય, અને શામળે તે ઉપરથી સૂચન લીધું હોય.

આ કવિનું જ્ઞાન સામાન્ય વિધાનોની બાબતમાં પણ પ્રગટ થાય છે. પહેલી વાર્તામાં રાજા ભર્તૃહરિની રાણી લીલાવતીના ચારિત્ર્યનું વર્ણન કરતી સ્ત્રીસ્વભાવ વિષે કવિ કેટલીક સારી ઉક્તિઓ આપે છે. દારિદ્ર્ય વિષેનું ૧૨ મી વાર્તાનું વિધાન અને દ્યૂત વિષેનું ૨૭મી વાર્તામાંનું નિંદાત્મક ને પ્રશંસાત્મક વિધાન — નોંધપાત્ર છે,

જેમકે:—

ઘા કોઈ દૂત વિસન તું મૂંકિ, માનવ ભાર નર આવિય ચૂકિ।
દૂતઈં સાજણ દૂજણ થાઈ, દૂતઈં મૂંમૂં કર માથા માય ॥ ૬૦॥
" દયતા ન જાણે પ્રેમ, " ન પૂછે ક્ષેમ ન ખેમ।
" નકરે કોઈ વિશ્વાસ, " સઈ ઘે યામે ત્રાસ ॥ ૬૧॥
" વિણસે બુદ્ધિ ઘરતણી, " હાણિ પરલોકહ તણી।
" સપુરિસ થાઈ ચોર, " પડીઈ નરકઈં ઘોર ॥ ૬૨॥
" કુલ બોઈલ કુલવંત, " ભીંડે રાથ ઘસંત।
દૂત સાચની આણે અંત, " કૂડા સપથ કરંત ॥ ૬૩॥
દૂતઈ આવિ વિસન વિસાત, " નેર ધરે જરાં તાત।
" સુનર સેવે મઢ, " ભીતિ ઉતરિ ગાઢ ॥ ૬૪॥
" નરનઈં ચિંતા ઘણી, " ડોલઈ થાઈ રેવણી।
" હરણી ખીણરાઈ, " સૂંચિ સત્યવારીઈ ॥ ૬૫॥

આમાં તે સમયમાં દ્યૂત વિષે લોકોમાં કેવો ખ્યાલ હતો તેનું વર્ણન છે પણ કવિ હવની બીજી બાજૂ પણ રજૂ કરે છે અને જુગારીને મુખે દ્યૂતની પ્રશંસા કરાવે છે:—

વલતો ઉતર નર તે દેઈ, દૂતઈં પ્રીતિ [redacted] રસમેલાઈ ॥૬૬
દૂતઈં કીજે રંગ રકોલ, " નસિદનિ ઝાકઝમોલ।
" થઈએ બાવન વીર, " છિતરાઈ નરધીર ॥ ૬૭॥
" છયિલ પણું સીખીઈં, " નર નવનવ નરખીઈ।
" કૃપણ પણું છોડીઈ, " મિત્ર ઘણા જોડીઈ ॥ ૬૮॥

વૈરાગ્ય વિષે અને સંસારની અસારતા અને ક્ષણિકતા વિષે સોળમી વાર્તામાં કવિએ કેટલાંક સુંદર વિધાનો વરરુચિ પંડિત પાસે કરાવ્યાં છે ત્યાં કવિની દૃષ્ટિ અસાર સંસારની માયા છોડીને વૈરાગ્યનું સેવન કરવાનો ઉપદેશ આપવાની છે. સાથેજ કવિ સત્કર્મોનું કેવું ફલ મળે તે પણ સાદી વેધવતી ભાષામાં કહે છે. જેમકે:—

કરે ગોઠિ વરરુચ પંડિત, ખણિ સુતો રીઝે નરચિત્ર ॥૯૪॥
એ સંસાર અસારહ જોઈ, તે પણિ બુઝે વિરલો કોઈ।
જેહવો પાણીનો પંપોર, એહવી જાણી જાણો મોર ॥૯૫॥
પરતક્ષ પેખો એ ઘરઆમ, એ કાયાનૂં કૂડું કાંમ।
સગૂં સાણેજું કારણિ મિત્ર, સાધઈ કાજિ થાઈ તે સત્ર ॥૯૬॥
જેહવો ઈંદ્રધનક આકાશિ, જેહવો વીજ તણો પ્રકાસિ।
જેહવો મર્કટનો વૈરાગ, જેહવો દીસે સંઝ્યા રાગ ॥૯૭॥
જેહવો દીસે મૃગજલ દૂરિ, જેહવો બિહી પુરનો જોઈ સૂર।
જેહવા ગંગાના કલ્લોલ, જેહવો નીર રહિ સરિઘોલ ॥૯૮॥
જેહવો ચંચલ ગજનો કાંન, જેહવો રાગીનૂં જો ધ્યાંન।
તેહવું ધન જોવન સંસારિ, એ વિક્રમનું વચણ અવધારિ ॥૯૯॥

ઈમ જાણી કાંઈ કીજૈ ધર્મ, જેણિ છૂટે સઘાં નર કર્મ ।
ધર્મેં પામે નર પરલોક, ધર્મેં ટલે સઘળા સોક ॥૬૦૦॥
દીઈ દાન સપાત્રહ જેહ, સંસારઈ સુખ પામે તેહ ।
ત્યાગ સપાત્રઈ સોધા ઘણા, દાનઈ રાજરધિ નહીં મણા ॥૧॥
બ્રહ્મ વ્રત પાલે નિરતું જેહ, સાચો સારૂં નરહૂં તેહ ।
પરદારાગમ પાપ ન પાર, તે જઈ જોજ્યો આગમ સાર ॥૨॥
જે તપ તપે સુભટ તે સૂર, તપ તપતાં કમ જાઈ દૂર ।
તપિ હત્યાદિક છૂટે પાપ, તપિ ઉધરીઈ આપઈ આપ ॥૩॥
દાન દીઈ જો મનિ વાસના, બ્રહ્મવરત જો મનિ વાસના ।
તપ તપીઈ જો મનિ વાસના, ધર્મ ખરો જો મનિ વાસના ॥૪॥

આ અવતરણમાં વૈરાગ્ય પ્રબોધતાં કવિએ સુંદર ઉપમાઓ એક પછી એક રજૂ કરતો જાય છે તે એની શૈલીનું વિશિષ્ટ લક્ષણ છે. કવિ તેવીસમા દુકાળની વાર્તામાં વિક્રમની રાજસભા અને તેની દિનચર્યાનું તાદૃશ, વૈભવયુક્ત અને ચિત્રાત્મક વર્ણન આપે છે.

કવિ જુદા જુદા વિષયોનું જ્ઞાન પણ આવાં વિધાનોમાં અને વાર્તાઓમાં પ્રગટ કરે છે. એનું જ્યોતિષનું જ્ઞાન, દુષ્કાળની વાર્તામાં પ્રગટ થાય છે, તો પહેલી જ વાર્તામાં કરેલું દેવીપૂજાનું વર્ણન શક્તિપૂજાની પ્રચલિત વિધિનું જ્ઞાન પ્રગટ કરે છે. આમાં આવતું બધું જ નિરૂપણ કવિની પોતાની વિશેષતા છે એમ કહેવાનો આશય નથી, કેમકે રામચંદ્ર જેવા પુરોગામીઓમાં આવાં વર્ણનો મળી આવે છે. કવિની વિશેષતા તો માત્ર એક હજાર અને ચોત્રીસ કડીની આ વાર્તામાં આવાં વર્ણનોની સંક્ષેપમાં છતાં સુરેખ રીતે સમાવેશ કરવામાં રહેલી છે.

કોઈ કોઈ જગ્યાએ પોતાના વિષય નિરૂપણમાં કવિ સંસ્કૃતમાંથી અવતરણો આપે છે. આવાં અવતરણોમાં ઘણું ખરૂં મુદ્રાકાલીન અશુદ્ધિ જોવા મળે છે. એનો બે રીતે ખુલાસો કરી શકાય. કાં તો પ્રજાનું એ વખતનું સંસ્કૃતનું જ્ઞાન એટલું અચોક્કસ અને ઉપરછલ્લું હતું અથવા એમ કરી શકાય કે જૈન કવિઓના લોકભાષામિશ્રિત સંસ્કૃતમાં એક પ્રકારની વિશેષતા જોવા મળે છે જેને આપણે જૈન સંસ્કૃત નું નામ આપી શકીએ. ડૉ. સાંડેસરાએ વિખ્યાત 'પંચતંત્ર' ગ્રંથની વિદ્વત્તાપૂર્ણ, પ્રસ્તાવનામાં આ જૈન સંસ્કૃતનો વિગતે ઉલ્લેખ પણ કરેલો છે. આવાં અવતરણો મુખ્યત્વે ક્રોધ વિષે, દારિદ્રતા વિષે, ક્ષમા વિષે, સ્ત્રીચરિત્ર વિષે ને સ્ત્રીચરિત્રને પરિણામે પ્રગટ થતા નિર્વેદ વિષે પણ કવિએ આપ્યાં છે. ક્યાંક તો ભર્તૃહરિ જેવાનાં 'યાં ચિંતયામિ સતતં મયિ સા વિરક્તા' – થી શરૂ થતી શ્લોકના અવતરણમાં પણ કવિ અશુદ્ધિ આવવા દે છે, એ નોંધપાત્ર ગણાય. સંસ્કૃત ઉપરાંત પ્રાકૃતમાં ગાથાઓ અને જૂની ગુજરાતી ભાષામાંથી પણ કવિ પોતાના વિષયને કે વિધાનને પુષ્ટ કરવા અવતરણો આપે છે.

આ કૃતિમાં આજથી લગભગ ૪૦૦ વર્ષ પહેલાંની સામાજિક સ્થિતિ અને માન્યતાનો પણ થોડોક ખ્યાલ મળી રહે છે. ખાસ કરીને બ્રાહ્મણ હરસિદ્ધિની ઉપાસના કરે છે તેમાં, જ્યારે જ્યારે વિક્રમ કોઈક દુઃખીનું દુઃખ દૂર કરવા અથવા સામાન્ય પરોપકારનું કોઈક કાર્ય કરવા પોતાનું મસ્તક છેદવા તૈયાર થાય છે ત્યારે દેવતા એનો હાથ પકડે છે ને તેને વરદાન આપે છે તેમાં, યોગી અથવા પૂરમાં તણાતો માણસ અથવા સૂર્ય અથવા વાસુકીનાગ અથવા પંચદંડ અથવા ચંદ્રશેખર રાજાની બાબતમાં જે ચમત્કાર બને છે તેમાં તથા 'પડુ પડુ' ની વાર્તામાં સુવર્ણપુરુષ પડે છે તેમાં અથવા લોહપુરુષની વાતમાં – લક્ષ્મી, વિવેક અને સત્ત્વ રાજા આગળ પ્રગટ થાય છે અને રાજાના સત્યપ્રેમ અને સાહસથી પ્રસન્ન થઈ તેની પાસે કાયમને માટે રહે છે તેમાં જે ચમત્કારનું તત્ત્વ રહેલું છે તે પણ લોકોની તદ્ વિષયક શ્રદ્ધાનું સૂચન કરે છે. સાથે જ જ્યોતિષ ઉપરની શ્રદ્ધા એ પણ આપણા સમાજનું એક વિશિષ્ટ લક્ષણ છે.

લોકોમાં પરોપકાર કરવાની શક્તિ ભલે ઓછી હશે પણ પરોપકારની પ્રશંસા આ કવિની કૃતિમાં અને બીજી કૃતિઓમાં પણ જોવા મળે છે તે ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે હજારો વર્ષ જૂની પરંપરામાં પરોપકાર પ્રત્યે જે શ્રદ્ધાની દૃષ્ટિ હતી તે મધ્યકાલીન ગુજરાતમાં પણ ચાલુ રહી છે. દ્યૂત આર્યપ્રજાના સામાજિક જીવનનું એક મહત્વનું વ્યસન રહ્યું છે. ઠેઠ ઋગ્વેદકાળથી માંડીને એનાં વર્ણનો મળે છે. એટલું જ નહીં પણ અનેક મહાન રાજાઓ [redacted] અને બાંધે પાયમાલ થઈ ગયેલા અને મહાન વિનાશનો અનુભવ કરવા પામેલા એવાં વર્ણનો મહાભારત જેવાં વિરાટકાવ્યોમાં મૃચ્છકટિક જેવાં નાટકોમાં, તેમ મધ્યકાલીન યુગમાં રચાયેલા સાહિત્યમાં પણ મળે છે.

ભારતીય પ્રજામાં પ્રારબ્ધવાદ પણ ઘણાં ઊંડાં મૂળ નાખી બેઠેલો છે. અહીંઆં પણ જયશેખરની વાર્તામાં અને મનસિદ્ધિની વાર્તામાં વિક્રમની ઉક્તિમાં મધ્યકાલમાં પણ પ્રજાજીવનનું આ લક્ષણ કેવું વ્યાપક હતું એ કલ્પી શકાય છે. નાટક, નૃત્ય અને ગીત મધ્યકાલમાં પ્રજા-રંજનનાં લોકપ્રિય સાધન હતાં એવું પણ આ વાર્તાઓ ઉપરથી સમજાય છે. ઐન્દ્રજાલિકની વાત ઉપરથી આવા જાદુ જેવા ખેલ લોકપ્રિય હતા એમ દેખી શકાય છે. પ્રાચીન સમયમાં પણ વિદ્યાનું મહત્વ ઘણું હતું અને લોકો દૂર દેશ સુધી વિદ્યાપ્રાપ્તિ માટે જતા અને જૂની ભારતીય પરંપરા પ્રમાણે ગુરુને ત્યાં રહી વિદ્યા પ્રાપ્ત કરતા એ સ્થિતિ પણ સૂચિત થાય છે.

આમ જુદી જુદી રીતે જોતાં આ વાર્તાઓ જ્ઞાનચંદ્ર વિષે એક સારા કવિ તરીકેનો ખ્યાલ આપણા મનમાં ઉત્પન્ન કરે છે. કવિની શૈલી સર્વત્ર પ્રાસાદિક છે. વાર્તા કહેવાની એની ફાવટ એટલી જ નોંધપાત્ર છે. નાની વાર્તાઓમાં પણ કવિ દરેકે દરેક વાતને ક્રમબદ્ધ રીતે નિરૂપે છે. એક પ્રસંગમાંથી સ્વાભાવિક રીતે બીજો પ્રસંગ પ્રગટતો હોય એવું સર્વત્ર દેખાય છે. કવિ નાનામાં નાની વિગતની બાબતમાં પણ વાચકને શંકામાં રાખતો નથી તે તેની ચીવટ અને ઝીણવટ બતાવે છે. વર્ણન, છંદ, અલંકાર, સૂક્તિકથન, અવતરણો વગેરેમાં કવિ પોતાનું વિત્ત બતાવી આપે છે. ભાષાની દૃષ્ટિએ પણ આ કૃતિ અનેક રીતે ઉપયોગી થાય એવી છે. આ પ્રત વિક્રમના ૧૭મા સૈકાને અંતે લખાયેલી છે એટલે કે જે વખતે પ્રેમાનંદ માત્ર બાળક હશે અને અખાનું સર્જન પૂરવેગથી ચાલી રહ્યું હશે તે વખતના ગુજરાતની કાવ્યભાષા કેવી હશે તેનો ખ્યાલ આ કૃતિની ભાષા ઉપરથી આવી શકે છે. ભાષાનાં કેટલાંક સામાન્ય લક્ષણો સ્હેજે તારવી શકાય તેવાં છે. 'અઈ' અને તેમાંથી પ્રગટ થયેલો 'ઐ' આ પ્રતમાં સાથે સાથે વપરાયાં છે. અનેક સંસ્કૃત શબ્દો, થોડાથોડા ફેરફાર સાથે કવિએ વાપરેલા છે. 'ખ'ને બદલે હસ્તપ્રતમાં 'ષ', સર્વવ્યાપક છે. 'ઋ'ને બદલે 'ર' પણ ઘણે સ્થળે દેખાય છે. જોડાક્ષરમાંથી બે ભિન્નસ્થાનીય વર્ણોને બદલે એક જ વર્ણનું દ્વિત્વ, (ભક્ત ને બદલે ભત્ત) જોવા મળે છે. દિનકરને બદલે દિણીયર દનિકર, ક્ષિતિપતિને બદલે ખતિપતિ, સ્થાનકે ને બદલે થાનકિ, અરુણ ને બદલે અરણ, સુવર્ણને બદલે સોવણ, ઉપરને બદલે ઉપરિ, ભુવનને બદલે ભૂયણ, વસુધાને બદલે વસધા, કાશ્યપને બદલે કાસપિ, શૃંગાર ને બદલે સિંગાર, અસુર ને બદલે અસિર, પુરુષને બદલે પરસો, હવે ને માટે હિવ, નિશિ ને બદલે નશિ, ખાદ્યને બદલે ખાજ, વિશ્વાસઘાતને બદલે વિશ્વાસહઘાત, થયું ને માટે થાઉ જેવા અનેક પ્રયોગો જોવા મળે છે.

આ હસ્તપ્રત લખનાર લહિયાએ કવિની પોતાની જ ભાષા સાચવી રાખી હોય તો આ કૃતિની ભાષા ઈ.સ.ના સોળમા શતકના મધ્યની છે એટલે મીરાં અને નાકરના સમયના નજીકની છે, અને એણે પોતે હસ્તપ્રત લખી એ યુગની આ ભાષા હોય તો તે અખાના સમયની છે; એ દૃષ્ટિએ એનું ઐતિહાસિક મહત્વ પણ નોંધપાત્ર છે.